# વાતાવરણના પલ્ટા સાથે વરસાદના છાંટણા



ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. ગત મહીના દરમિયાન સિઝનની આક્રમક ઠંડીએ નગરને ઠંડુગાર બનાવી દીધુ હતુ. આકરી ઠંડીથી ઠુંઠવાતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળતા હતા. જયારે લઘુત્તમ તાપમાન સતત ગગડતા દિવસ દરમિયાન પણ નગરજનો ઠંડીની અસર અનુભવતા હતા. સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના લીધે નગરમાં સન્નાટો છવાઈ ગયો હતો. પરંતુ છેલ્લા એક સપ્તાહથી મોસમનો મિજાજ બદલાયો છે. લઘુત્તમ તાપમાનમાં રોજબરોજ ફેરફાર જોવા મળતા ધીમે ધીમે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ રહી હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમી અનુભવાતા ઠંડીની મોસમ હવે વિદાય લઈ રહી હોવાનો અનુભવતા નગરજનોએ દિવસ દરમિયાન પંખો અને એ સી કરવાની ફરજ પડી રહી છે. જો કે વહેલી સવારે અને મોડીરાત્રે હજુ ઠંડીનો ચમકારો વર્તાય છે. પરંતુ રોજબરોજ ન્યુનત્તમ તાપમાનનો પારો ઉંચો નીચો થઈ રહયો છે. આજે પણ લઘુત્તમ તાપમાનમાં ચાર

**વરસાદી વાયરાથી લગ્નમહોત્સવના આયોજકો ચિંતામાં મુકાયા : વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો**

● અનુસંધાન પાન-૭ પર

# અનઅધિકૃત રજા પરના ૧૧ શિક્ષકોની સેવા સમાપ્તીનો હુકમ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ૧૧ શિક્ષકો ત્રણ વર્ષથી અનઅધિકૃત રજા પર હોવાથી તેમની સેવા સમાપ્તીનો ઐતહાસિક નિર્ણય આજે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે.

બદલી પામેલા ડૉ. રાઠોડે તેમની જિલ્લામાંની ફરજોના અંતિમ દિવસોમાં આકરો નિર્ણય કરતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. તંત્ર દ્વારા આ સેવા સમાપ્તીના હુકમોની બજવણી માટે ખાસ અધિકારીઓની ટીમ પણ બનાવી અને રવાના કરી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ ૧૧ શિક્ષકો ૯૦ દિવસની તેમની વિદેશ પ્રવાસની કાયદેસરની રજાઓ લઈ ગયા હતા. આ પછી તેઓ ફરજ પર આજ સુધી હાજર થયા નથી. તંત્ર દ્વારા આવા શિક્ષકોને વારંવાર નોટીસો પણ આપવામાં આવી હતી જેનો જવાબ આપવાની દરકાર પણ તેમને લીધી નથી.

તંત્રએ એકાદ પખવાડિયા અગાઉ આખરી નોટીસની બજવણી કરી અને હાજર થવા જણાવ્યુ હતુ પરંતુ કોઈ જ હાજર ન થતાં આજે તેમની સેવા સમાપ્તીનો હુકમો કરી દેવામાં આવ્યા છે.

જે ૧૧ શિક્ષકોના સેવા સમાપ્તીના હુકમો કરાયા છે તેમાં ૧૦ મહિલા શિક્ષિકાઓ છે. આ હુકમોમાં ગાંધીનગરના બે, કલોલના ૭ તથા માણસા-દહેગામના ૧-૧ શિક્ષકનો સમાવેશ થાય છે.

જેમની સેવા સમાપ્તીના હુકમો કરાયા છે તેમાં ચૌધરી મણિબેન કરશનભાઈ, પટેલ સોનલબેન અમૃતલાલ (બન્ને ગાંધીનગર તાલુકો) ચૌધરી પુરીબેન ગોવિંદભાઈ (દહેગામ) પારેખ હેતલબેન રાજેન્દ્રકુમાર (માણસા) ઉપરાંત કોતરિયા દર્શિકાબેન હરજીભાઈ, પટેલ જયેશભાઈ ભીખાભાઈ, પટેલ તેજલબેન જસવંતભાઈ, ગોર વૈશાલીબેન સુધીરકુમાર, જાની ગાયત્રીબેન જિતેન્દ્રકુમાર, ઠાકોર પુજાબેન કાન્તિભાઈ તેમજ પટેલ તન્હાબેન મુકેશભાઈનો સમાવેશ થાય છે.

શિક્ષણ તંત્ર દ્વારા લેવામાં આવેલ આકરા નિર્ણયથી શિક્ષણજગતમાં સન્નાટો વ્યાપી જવા પામેલ છે.

# ગાંધીનગર તાલુકા પંચાયત માટે આજે માત્ર એક જ ફોર્મ ભરાયુ

**સરઢવ બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે દિપક પટેલે ફોર્મ ભર્યુ : કોંગ્રેસના નેતાઓની બેઠકમાં મોટાભાગના ઉમેદવારો પસંદ કરાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાના આજે બીજે દિવસે સરઢવ બેઠક પરથી ભાજપના દિપકભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે. આ તાલુકા પંચાયતમાં આજ સુધીમાં આ એક માત્ર ઉમેદવારી પત્ર ભરાયુ છે.

૩૬ બેઠકો ધરાવતી આ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે બે ચૂંટણી અધિકારીઓ નિયુક્ત કરવામાં આવ્યા છે. મામલતદાર ગાંધીનગર સમક્ષ એક પણ બેઠક માટે ઉમેદવારીપત્ર રજુ થયુ નથી જ્યારે તાલુકા વિકાસ અધિકારી સમક્ષ ૨૫-સરઢવની બેઠક પર એક માત્ર દિપકભાઈ પટેલે આજે ઉમેદવારી નોંધાવી છે.

દિપકભાઈ પટેલે આજે ઉમેદવારીપત્ર ભર્યુ ત્યારે તેમની પાસે પક્ષનો મેન્ડેટ હતો નહિ અને તેમણે આગામી બે દિવસમાં તે રજુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેર અને જીલ્લામાં મોલોમસીનો ઉપદ્રવ વધ્યો

**જીરૂ, વરિયાળી અને બટાટાની ખેતીને ખતરો : વાતાવરણમાં આવેલા પલ્ટાથી જગતનો તાત ચિંતાતુર**

ગાંધીનગર, તા. ૫

આજે સવારથી જ આકાશ વાદળછાયુ રહેતાં જિલ્લામાં રવિસીઝનના વાવેતર ખાસ કરીને જીરૂ, વરિયાળી, બટાટા અને શાકભાજીના પાકોમાં મોલોમસીનો ઉપદ્રવ વધવાના ભયને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે. જિલ્લામાં ખાસ કરીને મોલોમસીનો ઉપદ્રવ કલોલ, માણસા અને દહેગામ તાલુકામાં વધારે થયો છે. તંત્રએ પણ હરકતમાં આવી ખેડૂતોને પિયત લંબાવવા તેમજ શોષક પ્રકારની દવાઓનો છંટકાવ કરવાની સલાહ ખેડૂતોને આપી છે. જિલ્લામાં રવિસીઝનનું વાવેતર ૭૧,૪૨૦ હેક્ટરમાં આ વર્ષે નોંધાયુ છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વાતાવરણમાં જે રીતે પલ્ટો આવી રહ્યો છે તેને લઈ ખેડૂતો વધુ ચિંતાતુર બન્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં જીરૂનું વાવેતર ૨૬ હેક્ટરમાં, વરિયાળીનું ૩૦ હેક્ટરમાં, માણસા તાલુકામાં વરિયાળીનું ૩૨૯ હેક્ટરમાં તો બટાકાનું ૧૭૨૦ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. દહેગામ તાલુકામાં બટાટાનું વાવેતર ૩૧૮૯ હેક્ટર અને વરિયાળીનું ૧૦૮૨ હેક્ટરમાં તથા શાકભાજીના પાકોનું જિલ્લામાં ૬૭૮૧ હેક્ટરમાં વાવેતર થયુ છે. જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનમાં ઠંડીનો દોર પણ મોડો શરૂ થયો હોવાથી વાવેતર ૩૧ ડિસેમ્બર સુધી લંબાયુ હતુ. સિંચાઈની સુવિધા પણ ઓછી હોવાથી પિયત આપવા માટે ખેડૂતો દોડાદોડી કરી રહ્યા છે. મોલોમસીના ઉપદ્રવને કારણે ઉત્પાદનના અંતિમ તબક્કાની વાવણીને લઈ ખતરો ઉભો થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

# સે-૨૧ શોપિંગ વિસ્તારમાં ચક્કાજામની સ્થિતિ નિવારવા માર્ગો પહોળા કરાશે

**રાજશ્રી સિનેમા સામેના સાંકડા માર્ગ પર ટ્રાફિક જામ નિવારવા માટે માર્ગનુ કામ હાથ ધરવા માટે વિચારણા**

ગાંધીનગર તા ૫

સે-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાં પાર્કીંગની સમસ્યા દિન પ્રતિદિન પેચીદી બનતી જાય છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં રોજબરોજ આવતા મુલાકાતીઓએ પોતાના વાહનો પાર્ક કરવા માટે પણ જગ્યા મળતી નથી. જયારે શોપિંગ વિસ્તારના સાંકડા માર્ગો પર ટ્રાફિક જામના લીધે મુલાકાતીઓ શિરદર્દનો ભોગ બને છે. અગાઉ પણ શોપિંગ વિસ્તારમાં પાર્કીંગની સમસ્યાને ડામવા માટે વેપારી આગેવાનો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. જયારે પાર્કીંગ પ્લેસ પર દબાણોનુ અસ્તિત્વ પણ ટ્રાફિક સમસ્યા માટે જવાબદાર બન્યુ છે. સેકટરોમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો જોવા મળી રહયો છે. સે-૧૬ સહીત નગરના અન્ય કોર્મશિયલ કોમ્પલેક્ષો પાસે પણ આવી જ સ્થિત જોવા મળી રહી છે. જેના લીધે કોર્મશિયલ કોમ્પેલક્ષ આસપાસનો વિસ્તાર ટ્રાફિકની સમસ્યાથી ઘેરાયેલો રહે છે. વારંવાર દબાણ હટાવ ઝુંબેશ પણ નાટકીય પુરવાર થતા આ સમસ્યાનો કાયમી ઉકેલ આવતો નથી. જયારે આમ નાગરિકો અને મુલાકાતીઓ શોપિંગ વિસ્તારમાં પારાવાર હાલાકી વેઠવી પડે છે. શહેરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટરમાં પણ પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. જયારે શોપિંગ વિસ્તારમાં વિસ્તરતી દુકાનો અને વેપારના લીધે મુલાકાતીઓની સંખ્યા પણ વધી છે. જેના લીધે માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ પણ વધ્યો છે. પરંતુ વર્ષો જુના માર્ગોને અપગ્રેડ કરવાનુ વિસરાયુ છે.

આ સ્થિતિ વચ્ચે શોપિંગ વિસ્તારના આંતરિક માર્ગો પર ચક્કાજામની સ્થિતિ જોવા મળે છે. રજાના દિવસોમાં તેમજ તહેવારોમાં શોપિંગ વિસ્તારમાં વાહન પાર્કીંગ કરવાના મામલે મુલાકાતીઓ ભારે મથામણ કરવી પડે છે. સે-૨૧ માં રાજશ્રી સિનેમા સામેના માર્ગ પર વિશેષ રીતે ટ્રાફિક જામ થઈ જાય છે. આ સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા એક દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં સ્થળ સ્થિતિનો અભ્યાસ કરી માર્ગ વાઈડનીંગનુ કામ હાથ ધરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી રહી છે જો કે હજુ આ દરખાસ્ત સંદર્ભે યોગ્ય વિચારણા હાથ ધરાયા બાદ નિર્ણય લેવાશે.

# સેમેસ્ટર પદ્ધતિમાં ફેરફારના સંકેત

ગાંધીનગર, તા. ૫

રાજ્યની કોલેજોમાં અપાતા શિક્ષણમાં હાલની સેમેસ્ટર પદ્ધતિ સંદર્ભે આવતી અનેક પ્રકારની રજૂઆતોને ધ્યાનમાં લઈને કોલેજોમાં સેમેસ્ટર પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષણના હિતમાં જરૂરી સુધારા વધારા કરવા યોગ્ય છે કે કેમ, તે દિશામાં, શિક્ષણ વિભાગે વિચારણા હાથ ધરી છે. રાજ્યની સરકારી યુનિવર્સિટીઓના કુલપતિઓની શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને અને શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવે અને અગ્ર સચિવ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ અંજુ શર્માની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે યોજાયેલ બેઠકમાં આ અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ બેઠકમાં વિદ્યાર્થીઓના હિતમાં હાલની પદ્ધતિમાં કઈ રીતે સુધારો

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રાફિક નિયમનના ભંગ સામે લાલઆંખ

**ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૨૫૦ કર્મચારીઓ આરટીઓની ઝપટમાં આવ્યા : આરટીઓએ સચિવાલયના કર્મચારીઓને અનુલક્ષી પ્રવેશદ્વારા પાસે જ વાહન ચેકીંગ ઝુબેશ હાથ ધરાઇ**

ગાંધીનગર તા ૫

શહેરમાં ટ્રાફિક નિયમનના નામે મીંડુ ચિતરાયેલુ છે. નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ જતા વાહનચાલકો ગમે ત્યારે જાનલેવા અકસ્માતને ભેટે છે. જયારે રોડ સેફટીના મામલે જનજાગૃતિ આવે અને આમ નાગરિકો સાથે કર્મચારીઓ પણ ટ્રાફિક નિયમનનુ કડક પાલન કરે તેવા આશયથી આર ટી ઓ દ્વારા આજે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નવા અને જુના સચિવાલયના મુખ્ય પાંચ ગેટ પર ટ્રાફિક નિયમનના ભંગ બદલ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. અંદાજિત ૨૫૦ જેટલા વાહનચાલકો સામે કેસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શહેરમાં ટ્રાફિક નિયમનનો યોગ્ય અમલ ન થતો હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ જતા વાહન ચાલકો નિયમનની ઐસી તૈસી કરતા નજરે પડે છે. બીજીતરફ ગતિ નિયંત્રણની વાત સદંતર વિસરાઈ ગઈ છે. ત્યારે નગરમાં પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. માર્ગ સલામતી અંગે વાહનચાલકોમાં જાગૃતિ આવે તે માટે સ્થાનિક કક્ષાએ નગરની શુભ ચિંતક સંસ્થાઓ તેમજ આર ટી ઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા પણ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત વાહનચાલકોને જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવે છે.

જયારે આજે આર ટી ઓ દ્વારા ટ્રાફિક નિયમન અન્વયે વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ માટે હીંમતનગર, બાવળા અને અમદાવાદ તેમજ ગાંધીનગર આર ટી ઓની ટીમ કામે લાગી હતી. નવા અને જુના સચિવાલયના મુખ્ય પાંચ ગેટ પાસે કર્મચારીઓના વાહનોની ચકાસણી કરવામાં આવી હતી. જયારે આ દરમિયાન ટ્રાફિક નિયમનના ભંગ બદલ ૨૫૦ કિસ્સામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વાહનચાલકો પાસે સ્થળ પરથી દંડ વસુલવામાં આવ્યો ન હતો. પરંતુ વાહનોના દસ્તાવેજી પુર્તતા ન હોય તેવા કિસ્સામાં આગામી સાત દિવસમાં જરૂરી દસ્તાવેજો સાથે રીપોર્ટ કરવા માટે પણ જણાવાયુ હતુ .જયારે આ દરમિયાન યોગ્ય દંડ વસુલી પણ કરવામાં આવશે.



## કેન્સર સામેની ઝુંબેશ ૨૮મી સુધી જારી રહેશે


અમદાવાદ, તા. ૫

કેન્સરની સારવારમાં સ્પેશિયાલિસ્ટ એચસીજી દ્વારા વિશ્વ કેન્સર દિવસે એટલે કે રવિવારના દિવસે આઈ કેન વી કેન ઝુંબેશની શરૂઆત કરવામાં આવ્યા બાદ આ ઝુંબેશ ૨૮મી ફેબ્રુઆરી સુધી ચાલનાર છે. આ ઝુંબેશમાં હજુ સુધી કેટલીક શાળાઓ ભાગ લઈ ચુકી છે અને બીજી ઘણી બધી શાળાઓ, કોલેજો, સંગઠનો, કોર્પોરેટ અને અન્ય સંસ્થાઓ પાસેથી ભાગ લેવાની અપેક્ષા દેખાઈ રહી છે. સૌથી શ્રેષ્ઠ ગ્રુપને ઈનામ આપવામાં આવશે જેમાં પ્રથમ ઈનામ ૩૧૦૦૦, બીજુ ઈનામ ૨૧૦૦૦ અપાશે. લોકોને સમયસર ચેકઅપ માટે પ્રોત્સાહિત કરવા માટે એચસીજી કેન્સર સેન્ટર અમદાવાદ દ્વારા કેન્સરના સ્કીનિંગ માટે કેટલાક ખાસ પેકેજિસ પણ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઝુંબેશમાં વ્યક્તિગતરીતે તથા સામૂહિક રીતે વિશ્વ પર કેન્સરનું ભારણ ઘટાડવા શું કરી શકાય છે તે સંદર્ભમાં જાગૃત્તિ જગાવવામાં આવી રહી છે.

## જાણીતા ટેક્ષ એડવોકેટ હરિશ ત્રિવેદીના પિતા હીંમતલાલ ત્રિવેદીનુ નિધન

ગાંધીનગર તા ૫

શહેરના જાણીતા ટેક્ષ એડવોકેટ હરિશ ત્રિવેદીના પિતા હીંમતભાઈ નરસિંહભાઈ ત્રિવેદીનુ ૮૭ વર્ષની વયે ટુંકી માંદગીના અંતે આજે સવારે દુખદ અવસાન થયુ હતુ. તેમના અવસાનથી નગરજનો તેમજ વેપારી અગ્રણીઓમાં શોકની લાગણી વ્યાપી હતી. સદગતની અંતિમયાત્રા હરિશ ત્રિવેદીના નિવાસ સ્થાનેથી સાંજે ૪ કલાકે નિકળી હતી. જેમાં નગરના અગ્રણીઓ વેપારીઓ, વકીલો સહીત નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.



શહેરના જાણીતા ટેક્ષ એડવોકેટ હરિશ ત્રિવેદીના પિતા હીંમતલાલ ત્રિવેદી સુપ્રિટેન્ડેન્ટ કસ્ટમ એન્ડ સેન્ટ્રલ એકસાઈઝમાં ઉમદા ફરજ બજાવી હતી. જયારે નિવૃત જીવન દરમિયાન પણ સેવાકીય અને સમાજહીતની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હતા. તેમના મિલનસાર સ્વભાવ અને સેવાભાવી પ્રવૃતિના લીધે બ્રહ્મસમાજ સહીત સોસાયટીમાં પણ નગરજનોના હ્રદયમાં તેઓ આગવુ સ્થાન ધરાવતા હતા. સિનિયર સિટીઝન કાઉન્સિલના પણ તેઓ સભ્ય હતા. ટુંકી માંદગીના અંતે આજે સવારે ૧૧ : ૩૦ કલાકે તેમનુ અવસાન થયુ હતુ.સદગતની અંતિમયાત્રામાં સાંજે ૪ કલાકે નગરના અગ્રણીઓ વકીલો વેપારીઓ સહીત નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમનુ બેસણુ તા ૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ થી ૧૧ : ૩૦ કલાક દરમિયાન સે-૨૨ શ્રેયસ સોસાયટીમાં શિવમ પ્લોટ નં- ૩૩૦ ઘ-૫ કોર્નર પાસે રાખવામાં આવ્યુ છે.

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Bombay Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com